प्रश्न बेंक

# વિષય વિજ્ઞાન :

# દ્વિતીય સત્ર

( પ્રકરણ – 7)

કિશોરાવસ્થા તરફ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

ધોરણ-8

| | | | |
|---|---|---|---|
| LO ને લાગુ પડતી ક્ષમતા (Competency) ક્રમાંક (NCFSE 2023ના આધારે) | ક્ષમતા (Competency) વિધાન | | |
| LO ક્રમાંક (જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ વર્ષ 2025-26 ની યાદી)<br>**SC801** | LO વિધાન<br>પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે. | પ્રશ્ન વાર ગુણ | |
| લેખિત પ્રશ્નો | | | |
| (A) હેતુલક્ષી પ્રશ્ન | | | |
| a. MCQ પ્રશ્નો | પ્રશ્ન 1: નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.<br>1. કઈ ઉંમરથી કિશોરાવસ્થાનો પ્રારંભ થાય છે?<br>(A) 11 વર્ષ<br>(B) 10 વર્ષ<br>(C) 12 વર્ષ<br>(D) 14 વર્ષ<br>2. તરુણોમાં કંઠમણીએ ખરેખર કયું અંગ છે?<br>(A) સ્વરપેટી<br>(B) અન્નનળી<br>(C) શ્વાસનળી<br>(D) થાઈરોઈડ ગ્રંથિ<br>3. તરુણાવસ્થામાં કઈ ગ્રંથિની વધારે પડતી ક્રિયાશીલતાને કારણે ખીલ થાય છે?<br>(A) પ્રસ્વેદ ગ્રંથિ<br>(B) તૈલી ગ્રંથિ<br>(C) A<br>(D) A અને B બંને<br>4. મનુષ્યના કોષકેન્દ્રમાં કેટલા જોડ રંગસૂત્રો આવેલા છે?<br>(A) 23 જોડ<br>(B) 21 જોડ<br>(C) 24 જોડ<br>(D) 46 જોડ | 1 ગુણ | |

| | | | |
|---|---|---|---|
| | 5. નીચેનામાંથી નર જાતિય અંતઃસ્રાવ જણાવો.<br>(A) ટેસ્ટોસ્ટેરોન<br>(B) ઇસ્ટ્રોજન<br>(C) પ્રોજેસ્ટેરોન<br>(D) ઇન્સ્યુલિન<br>6. નીચેનામાંથી છોકરાઓનું કયું લક્ષણ ગૌણ જાતીય લક્ષણ નથી?<br>(A) ખભાનો ભાગ પહોળો થવો.<br>(B) કંઠમણીનો વિકાસ થવો.<br>(C) ચહેરા પર દાઢી મૂછ ઉગવા<br>(D) અવાજ તીણો થવો.<br>7. મધુપ્રમેહ માટે કયો અંતઃસ્રાવ જવાબદાર છે ?<br>(A) ઇન્સ્યુલિન<br>(B) એડ્રીનલ<br>(C) થાઇરોઇડ<br>(D) પિટ્યુટરી<br>8. દેડકામાં કાયાંતરણ માટે કયો અંતઃસ્રાવ જવાબદાર છે?<br>(A) થાઇરોક્સિન<br>(B) એડ્રિનાલીન<br>(C) ઈસ્ટ્રોજન<br>(D) ઇન્સ્યુલિન<br>9. AIDS એક રોગગ્રસ્ત વ્યક્તિથી બીજી વ્યક્તિમાં કઇ રીતે ફેલાય છે?<br>(A) મચ્છર કરડવાથી<br>(B) ખોરાકની આપ લે કરવાથી<br>(C) લોહી આપવાથી<br>(D) સાથે રમવાથી | | |
| b. ખાલી જગ્યા પૂરો. | પ્રશ્ન-1 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો<br>1. સ્તન ગ્રંથિનો વિકાસ................ અંતઃસ્રાવની અસર હેઠળ થાય છે. (ટેસ્ટોસ્ટેરોન, ઇસ્ટ્રોજન, થાયરોક્સિન)<br>2. જાતીય અંતઃસ્ત્રાવો.............. ગ્રંથિના અંતઃસ્રાવના નિયંત્રણમાં હોય છે. (પિટ્યુટરી, થાઈરોઇડ, એડ્રીનલ)<br>3. દેડકામાં કાયાંતરણ .................... અંતઃસ્રાવની અસર | દરેકનો 1 ગુણ | |

| | | | |
|---|---|---|---|
| | હેઠળ થાય છે. (એડ્રિનાલિન, ઇસ્ટ્રોજન, થાયરોક્સિન)<br>4. કિશોરવસ્થામાં છોકરાઓનો અવાજ ................ થઇ જાય છે. (ઊંચો, તીણો, ભારે)<br>5. ............. એ સમતોલ આહાર છે. (ભાત, દૂધ, બર્ગર)<br>6. સંતાનની જાતિ માટે............ જવાબદાર છે. (માતા, પિતા, બંને) | | |
| d. જોડકા- જોડવી | પ્રશ્ન-1 યોગ્ય જોડકાં જોડો.<br>**(1)**<br>વિભાગ - અ — વિભાગ – B<br>1 છોકરો — A XX રંગસૂત્ર<br>2 છોકરી — B X અથવા Y<br>3 અંડકોષ — C XY રંગસૂત્ર<br>4 શુક્રકોષ — D X રંગસૂત્ર<br><br>**(2)**<br>વિભાગ - અ — વિભાગ – B<br>1 કિશોરાવસ્થાની શરૂઆત — A 10 થી 12 વર્ષ<br>2 ઋતુસ્રાવ પ્રારંભ — B 11 વર્ષ<br>3 રજોનિવૃત્તિ — C 13 થી 19 વર્ષ.<br>4 કિશોરવસ્થાની અવધિ — D 45 થી 50 વર્ષ<br><br>**(3)** નીચે આપેલી ગ્રંથિઓને તેના અંતઃસ્રાવ સાથે જોડો.<br>વિભાગ - અ — વિભાગ – B<br>1 પિટ્યુટરીગ્રંથિ — A એડ્રીનાલિન<br>2 એડ્રીનલ ગ્રંથિ — B ઇન્સ્યુલિન<br>3 સ્વાદુપિંડ — C વૃદ્ધિ અંતઃસ્રાવ<br>4 થાઈરોઈડ — D થાઈરોક્સિન | દરેક જોડકાંના 4 ગુણ | |

| | | | |
|---|---|---|---|
| | **(4)** નીચે આપેલી ગ્રંથિઓને તેના સ્થાનના આધારે યોગ્ય રીતે જોડો.<br>વિભાગ - અ    વિભાગ – B<br>1 શુક્રપિંડ    A ગળામાં<br>2 અંડપિંડ    B પુરુષમાં<br>3 થાઈરોઈડ ગ્રંથિ    C સ્ત્રીમાં<br>4 પિટ્યુટરી ગ્રંથિ    D શીર્ષમાં<br><br>**(5)** નીચે આપેલ રોગોને તેના સાચા કારણ સાથે જોડો.<br>વિભાગ - અ    વિભાગ – B<br>1 ગોઈટર    A ઇન્સ્યુલિનની ઓછી માત્રા<br>2 ડાયાબિટીસ    B થાઇરોક્સિનની ઊણપ<br>3 એઇડ્સ    C તેલ ગ્રંથિની વધુ ક્રિયાશીલતા<br>4 ખીલ    D HIV નું સંક્રમણ | | |
| **(C) ટૂંકજવાબી પ્રશ્નો** | | | |
| **a. બે-ત્રણ વાક્યમાં જવાબ આપો.** | પ્રશ્ન-1 : ભેદ સ્પષ્ટ કરો.<br>1. નરજાતીય લક્ષણો - માદા જાતીય લક્ષણો<br>2. નરજાતિય અંતઃસ્રાવ - માદા જાતીય અંતઃસ્રાવ<br>3. રજો દર્શન – રજોનિવૃત્તિ | દરેકના 2 ગુણ | |

| | | | |
|---|---|---|---|
| LO ને લાગુ પડતી ક્ષમતા (Competency) ક્રમાંક (NCFSE 2023ના આધારે) | ક્ષમતા (Competency) વિધાન | | |
| LO ક્રમાંક (જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ વર્ષ 2025-26 ની યાદી) SC804 | LO વિધાન<br>પ્રક્રિયાઅને ઘટનાને કારણો સાથે જોડે છે. | પ્રશ્નવાર ગુણ | |
| **લેખિત પ્રશ્નો** | | | |
| **(A) હેતુલક્ષી પ્રશ્ન** | | | |
| a. MCQ પ્રશ્નો | પ્રશ્ન-1: નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.<br>1. બાળકની જાતિ માટે માતા જવાબદાર માનવામાં આવે છે ,જે ખરેખર ખોટું છે. કારણ કે,....<br>(A) બાળક લિંગી રંગસૂત્ર ફક્ત માતા દ્વારા મેળવે છે.<br>(B) બાળક માતાના ગર્ભમાં વિકાસ પામે છે.<br>(C) બાળક એક લિંગી રંગસૂત્ર માતા દ્વારા અને એકલિંગી રંગસૂત્ર પિતા દ્વારા મેળવે છે.<br>(D) બાળક લિંગી રંગસૂત્ર તેના પિતા દ્વારા મેળવે છે.<br>2. નીચેનામાંથી એઈડ્સ રોગ થવાનું કારણ કયું?<br>(A) એક રોગ ગ્રસ્ત વ્યક્તિથી સ્વસ્થ વ્યક્તિમાં દવા માટે વપરાતી સિરીંજ દ્વારા<br>(B) ચેપ ગ્રસ્ત માતા દ્વારા શિશુને સ્તનપાન કરાવવાથી<br>(C) એચઆઇવી પીડિત વ્યક્તિ સાથે જાતીય સંપર્ક બનાવવાથી<br>(D) A, B, C ત્રણેય<br>3. નીચેનામાંથી શાના કારણે ગોઈટર રોગ થાય છે.<br>(A) એડ્રીનાલીનની ઉણપથી<br>(B) ઇન્સ્યુલિનની ઉણપથી<br>(C) થાઇરોક્સિનની ઉણપથી<br>(D) ઇસ્ટ્રોજનની ઉણપથી<br>4. કિશોરા અવસ્થામાં શાના કારણે છોકરાઓના ચહેરા પર દાઢી મુછ ફૂગવા લાગે છે?<br>(A) ઇસ્ટ્રોજન<br>(B) એડ્રીનાલિન<br>(C) થાઇરોક્સિન<br>(D) ટેસ્ટોસ્ટેરોન | દરેકના 1 ગુણ | |




| | | | |
|---|---|---|---|
| c. ખરા- ખોટા (ખોટું વિધાન સુધારીને લખવું) | પ્રશ્ન-1 : નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.<br>1. ચહેરા પર ખીલ તરુણાવસ્થામાં પિટ્યુટરી ગ્રંથિ અને પ્રસ્વેદ ગ્રંથિની વધુ કાર્યશીલતાને કારણે થાય છે.<br>2. તરુણાવસ્થામાં હોર્મોન્સના ફેરફારને કારણે જાતીય અંતઃસ્ત્રાવોની ગતિવિધિમાં ફેરફાર થાય છે. | દરેકનો 1 ગુણ | |
| d. જોડકા- જોડો | વિભાગ - અ     વિભાગ – B<br>1 ગોઈટર   A ઈન્સ્યુલિનની ઓછી માત્રા<br>2 ડાયાબિટીસ   B થાઈરોક્સિનની ઉણપ<br>3 એઇડ્સ   C તૈલગ્રંથિની વધુ ક્રિયાશીલતા<br>4 ખીલ   D HIV નું સંક્રમણ | 4 ગુણ | |
| **(C) ટૂંકજવાબી પ્રશ્નો** | | | |
| a. બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. | **એક-બે વાક્યમાં ઉત્તર આપો:**<br>1. કિશોરાવસ્થામાં કિશોરનો અવાજ શા માટે બદલાઈ જાય છે?<br>2. રાજન એના ગુસ્સા, ચિંતા, ઉત્તેજના અને તણાવની સ્થિતિને નિયંત્રણમાં રાખી શકતો નથી, આવું કેમ થતું હશે?<br>3. તરુણાવસ્થામાં શાના કારણે વ્યક્તિ ઉંચી બને છે?<br>4. જાતીય અંતઃસ્રાવ શાના માટે જવાબદાર છે?<br>5. સંતુલિત આહારની જરૂરિયાત શાના માટે છે?<br>6. મધુપ્રમેહ રોગનું કારણ શું છે?<br>7. મહેશ કાકાનું ગળું ખૂબ મોટું અને ફુલેલું જોવા મળ્યું આવું શા માટે થયું હશે?<br>8. અમુક તળાવમાં ટેડપોલ પુખ્ત દેડકામાં પરિવર્તિત થઈ શકતા નથી. શા માટે?<br>9. પ્રત્યેક વ્યક્તિએ દરરોજ ઓછામાં ઓછો એક વખત સ્નાન કરવું જ જોઈએ. શા માટે?<br>10. એઇડ્સ થવાના કારણો જણાવો.<br>11. કિશોરોને "ટીનેજર્સ" શા માટે કહે છે? | દરેકના 2 ગુણ | |
| **b. કારણ આપો.** | **1. કારણ આપો.**<br>2. કિશોરોને "ટીનેજર્સ "પણ કહે છે.<br>3. પિટ્યુટરી ગ્રંથિને સર્વોપરી ગ્રંથિ કહે છે.<br>4. આઠમા ધોરણમાં અભ્યાસ કરતી નેહાને ચહેરા ઉપરથી થવાની શરૂઆત થાય છે. | દરેકના 3 ગુણ | |

| | | | |
|---|---|---|---|
| | 5. કિશોરા અવસ્થામાં છોકરા અને છોકરીના અવાજમાં ફેરફાર થાય છે.<br>6. કિશોરોએ નશા કારક પદાર્થોથી દૂર રહેવું જોઈએ.<br>7. કિશોરા અવસ્થામાં પિઝા ,બર્ગર જેવા ફાસ્ટ ફૂડ નિયમિતપણે ન ખાવા જોઈએ.<br>8. કિશોર અવસ્થામાં કિશોરો પોતાને અસુરક્ષિત અનુભવે છે.<br>9. બાળકોના લિંગ માટે એની માતા જવાબદાર નથી.<br>10. કિશોરઅવસ્થામાં સમતોલ આહાર લેવો જોઈએ.<br>11. આપણા દેશમાં લગ્નની કાયદેસરની ઉંમર છોકરી માટે 18 વર્ષ અને છોકરાઓ માટે 21 વર્ષની છે.<br>12. દેડકામાં થાઇરોઇડ ગ્રંથિ વિશેષ મહત્વ ધરાવે છે. | | |
| **c. ફકરા / સમયપત્રક વગેરેના આધારે જવાબ આપો.** | **ફકરો વાંચી તેના આધારે પ્રશ્નોના જવાબ આપો.**<br>શીતલ બાળપણમાં ખૂબ જ નરમ અને સુંવાળી (મુલાયમ) ત્વચા ધરાવતી હતી. કિશોરાવસ્થામાં પ્રવેશતાની સાથે તેના ચહેરા પર ખીલ થવા લાગ્યા. તેની ત્વચા તૈલી થવા લાગી, તેના નિતંબનો ભાગ પહોળો થવા લાગ્યો. અચાનક તેનામાં થઈ રહેલા ફેરફારથી તે ચિંતિત થઇ ગઈ. તેની માતાએ ત્યારે એને સમજાવ્યું કે આ બધા ફેરફારો સામાન્ય છે, અને તેને નિયમિત સમય અંતરે પોતાના ચહેરો ધોવાની સલાહ પણ આપી.<br>**પ્રશ્નો.**<br>1. શીતલના શરીરમાં આવા ફેરફાર કેમ થવા લાગ્યા?<br>2. તેના ચહેરા પર ખીલ દેખાવવાનું કારણ શું છે?<br>3. શીતલની માતાએ તેણીને શા માટે નિયમિત સમય અંતરે ચહેરો ધોવાની સલાહ આપી? | દરેકનો 1 ગુણ (કુલ 3 ) | |

<table>
<tr><td>LO ને લાગુ પડતી ક્ષમતા (Competency) ક્રમાંક (NCFSE 2023ના આધારે)</td><td colspan="3">ક્ષમતા (Competency) વિધાન</td></tr>
<tr><td>LO ક્રમાંક (જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ વર્ષ 2025-26 ની યાદી)<br>SC805</td><td>LO વિધાન<br>પ્રક્રિયા અને ઘટનાઓને સમજાવે છે.</td><td>પ્રશ્નવાર ગુણ</td><td>HOT પ્રશ્ન હોય તો તેનો ઉલ્લેખ</td></tr>
<tr><td colspan="3" align="center">લેખિત પ્રશ્નો</td><td></td></tr>
<tr><td colspan="3">(A) હેતુલક્ષી પ્રશ્ન</td><td></td></tr>
<tr><td>a. MCQ પ્રશ્નો</td><td>પ્રશ્ન-1 : યોગ્ય વિકલ્પ પસંદ કરો<br>1. દેડકામાં કાયાંતરણ કયા અંતઃસ્રાવની અસર હેઠળ થાય છે?<br>(A) એડ્રીનાલિન<br>(B) વૃદ્ધિ અંતઃસ્રાવ<br>(C) ઇસ્ટ્રોજન<br>(D) થાયરોક્સિન<br>2. ગર્ભાવસ્થાની ગર્ભ વિકાસ સુધીની ક્રિયાઓ નીચે આપેલી છે. તેને સાચા ક્રમમાં ગોઠવો.<br>1. અંડકોષ પરિપક્વ બનવો<br>2. અંડકોષનું ફલન થવું<br>3. અંડકોષ મુક્ત થવો<br>4. ગર્ભાશયની જાડી દીવાલમાં ગર્ભનો સમાવેશ<br>(A) 1, 2, 3, 4<br>(B) 4, 2, 3, 1<br>(C) 1, 3, 2, 4<br>(D) 1, 3, 4, 2</td><td>દરેકનો 1 ગુણ</td><td></td></tr>
<tr><td>c. ખરા- ખોટા (ખોટું વિધાન સુધારીને લખવું)</td><td>પ્રશ્ન-1 : ખરા ખોટા જણાવો.<br>1. જન્મના સમયથી જ વૃદ્ધિની કુદરતી પ્રક્રિયા શરૂ થઈ જાય છે.<br>2. છોકરાઓમાં પાતળી દાઢી મુછ ઊગવી કિશોર અવસ્થાનું લક્ષણ છે.<br>3. શિશુનું લિંગ નિશ્ચયન તેના જન્મ સમયે જ નક્કી થાય છે.<br>4. શિશુના લિંગનું નિશ્ચયન તેના માતાના લિંગી</td><td>દરેકનો 1 ગુણ</td><td></td></tr>
</table>

| | | | |
|---|---|---|---|
| | રંગસૂત્ર દ્વારા થાય છે.<br>5. શિશુના લિંગ નું નિશ્ચયન તેના પિતાના લિંગી રંગસૂત્ર દ્વારા થાય છે.<br>6. કિશોરોમાં પ્રજનન પરિપકવતાની સાથે જ તરુણાવસ્થા સમાપ્ત થઈ જાય છે.<br>7. પુરુષોમાં X અને Y બંને પ્રકારના રંગસૂત્રો જોવા મળે છે.<br>8. સ્ત્રીઓમાં X અને Y બંને પ્રકારના રંગસૂત્રોજોવા મળે છે. | | |
| **(B) અતિ ટૂંક જવાબી પ્રશ્નો** | | | |
| d. મને ઓળખો | **પ્રશ્ન-1 : નીચેના કાર્યના આધારે અંતઃસ્ત્રાવી ગ્રંથિને ઓળખો.**<br>1. હું વ્યક્તિની સામાન્ય વૃદ્ધિ માટે જવાબદાર છું.<br>2. હું ગુસ્સો, ચિંતા અને ઉત્તેજનાની અવસ્થામાં તણાવની સ્થિતિને નિયંત્રણમાં રાખું છું.<br>3. હું છોકરીઓમાં સ્તન ગ્રંથિ અને ગર્ભાશયના વિકાસને પ્રેરુ છુ.<br>4. હું છોકરાઓમાં દાઢી મૂછના વિકાસ માટે જવાબદાર છું.<br>**પ્રશ્ન-2 : કિશોરાવસ્થા દરમિયાન છોકરા અને છોકરીઓમાં થતા શારીરિક પરિવર્તનને ઓળખો.**<br>1. દાઢી મૂછ ઊગવાની શરૂઆત થવી.<br>2. સ્તન ગ્રંથિનો વિકાસ થવો.<br>3. સ્વરપેટીનું નાનું કદ હોવું.<br>4. અવાજ ઊંચો અને તીણો હોવો.<br>5. અવાજ ઘોઘરો થવો.<br>6. સ્વરપેટી ગળાના ભાગમાં બહારની તરફ ઉપસી આવવી.<br>7. ખભાનો ભાગ ફેલાઈને પહોળો થવો.<br>8. કમરની નીચેનો ભાગ પહોળો થવો<br>9. શુક્રપિંડનું સંપૂર્ણપણે વિકસિત થવું.<br>10. અંડપિંડ દ્વારા અંડકોષ મુક્ત કરવાની શરૂઆત થવી. | દરેકના 1 ગુણ | |

| (C) ટૂંકજવાબી પ્રશ્નો | | | |
|---|---|---|---|
| **a. બે-ત્રણ વાક્યમાં જવાબ આપો.** | **પ્રશ્ન-1: નીચેના પ્રશ્નોના જવાબ આપો.**<br>1. સમીર 15 વર્ષનો છે તો 15 વર્ષની ઉંમરમાં સમીરની કઇ અવસ્થા હશે? આ અવસ્થાનું લક્ષણ જણાવો.<br>2. તરુણાવસ્થામાં તરુણોમાં થતા બે શારીરિક ફેરફાર જણાવો.<br>3. કિશોર અવસ્થામાં થતા ગૌણ જાતીય ફેરફારો જણાવો.<br>4. રાધા 14 વર્ષની છે તો આ ઉંમરમાં રાધામાં કયા ફેરફાર આવશે તે જણાવો.<br>5. વિશાલ 14 વર્ષનો છે તો આ ઉંમરમાં વિશાલમાં કયા ફેરફાર આવશે તે જણાવો. | દરેકના 2 ગુણ | |
| **(D) નિબંધ પ્રકારના પ્રશ્નો** | | | |
| **વિસ્તૃત પ્રશ્નો** | **પ્રશ્ન-1 : નીચેના પ્રશ્નોના જવાબ આપો.**<br>1. મનુષ્યમાં લિંગ નિશ્ચયન સમજાવો.<br>2. સ્ત્રીમાં ઋતુસ્રાવ ચક્ર સમજાવો.<br>3. કિશોરાવસ્થાના લક્ષણો જણાવો.<br>4. કિશોરાવસ્થામાં અસુરક્ષિતતાનો અનુભવ થાય છે તે સમજાવો.<br>5. કીટકો અને દેડકામાં જીવન ચક્ર પૂર્ણ કરવા માટે અંતઃસ્રાવ કઇ રીતે જરૂરી છે?<br>6. કિશોરાવસ્થામાં થતા ગૌણ જાતીય ફેરફારો સમજાવો.<br>7. સ્વાસ્થ્ય માટે વ્યક્તિગત સ્વચ્છતાની આવશ્યકતા સમજાવો.<br>8. લિંગી અંતઃસ્રાવ સિવાયના અન્ય અંતઃસ્રાવ જણાવો.<br>9. કિશોરાવસ્થા દરમિયાન સમતોલ આહાર ની આવશ્યકતા સમજાવો.<br>10. તરુણાવસ્થામાં છોકરા અને છોકરીના અવાજમાં થતો બદલાવ સમજાવો. | દરેકના 4 ગુણ | |

| LO ને લાગુ પડતી ક્ષમતા (Competency) ક્રમાંક (NCFSE 2023ના આધારે) | ક્ષમતા (Competency) વિધાન | | |
|---|---|---|---|
| LO ક્રમાંક (જીસીઈઆરટીવેબસાઈટ પર ઉપલબ્ધ વર્ષ 2025-26 ની યાદી) SC809 | LO વિધાન<br>પ્રક્રિયા અને સજીવોની નામ-નિર્દર્શનવાળી આકૃતિ /ફ્લોચાર્ટ દોરે છે. | પ્રશ્નવાર ગુણ | HOT પ્રશ્ન હોય તો તેનો ઉલ્લેખ |
| **લેખિત પ્રશ્નો** | | | |
| **(D) નિબંધ પ્રકારના પ્રશ્નો** | | | |
| **આકૃતિ વર્ણન** | SC809. પ્રક્રિયાન અને સજીવોની નામનિર્દેશન વાળી આકૃતિ કે ફ્લો ચાર્ટ દોરે છે.<br>પ્રશ્ન -4 નીચેનામાંથી કોઈપણ એક આકૃતિ દોરો અથવા નામનિર્દેશન કરો.<br>1) મનુષ્યમાં લિંગ નિશ્ચયન<br>2) મનુષ્યમાં અંતસ્ત્રાવિગ્રંથિનું સ્થાન<br>3) નીચે આપેલ ફ્લોચાર્ટમાં નામનિર્દેશન કરો.<br><br> | 5 | |
| | 4) નીચે આપેલ ફ્લોચાર્ટમાં નામનિર્દેશન કરો.<br><br> | 5 | |
| | 5) નીચે આપેલ ફ્લોચાર્ટમાં નામનિર્દેશન કરો.<br><br> | | |

| | | | |
|---|---|---|---|
| LO ને લાગુ પડતી ક્ષમતા (Competency) ક્રમાંક (NCFSE 2023 ના આધારે) | ક્ષમતા (Competency) વિધાન | | |
| LO ક્રમાંક (જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ વર્ષ 2025-26 ની યાદી)<br>**SC811** | LO વિધાન<br>**શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.** | પ્રશ્ન વાર ગુણ | |
| **લેખિત પ્રશ્નો** | | | |
| **(C) ટૂંકજવાબી પ્રશ્નો** | | | |
| **a. બે-ત્રણ વાક્યમાં જવાબ આપો.** | 1. પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોના જવાબ આપો.<br>2. સોહન શાળાની રિસેસ દરમિયાન ફક્ત ચિપ્સ કે પેકિંગ ફૂડ ખાય છે અને અવારનવાર બીમાર પડે છે. તે બીમાર ન પડે તે માટે ડોક્ટર તેને કેવા પ્રકારનો ખોરાક લેવાની સલાહ આપશે? શા માટે?<br>3. પ્રજનન સંબંધી કઈ કઈ ખોટી માન્યતાઓ સમાજમાં પ્રવર્તે છે?<br>4. કિશોરાવસ્થા દરમિયાન નિતિન જંક ફૂડ લે છે તો મિત્ર તરીકે તમે શી સલાહ આપશો ?<br>5. રીમાએ ઋતુસ્રાવ દરમિયાન વ્યક્તિગત સ્વચ્છતા માટે કઈ કઈ કાળજી લેવી જોઈએ?<br>6. તમારો મિત્ર નશાકારક પદાર્થોનું સેવન કરે છે તે સેવન ન કરે તે માટે તમે તેને શું સલાહ આપશો ?<br>7. કિશોરાવસ્થા દરમિયાન મોહન દિવસ દરમ્યાન સખત પરિશ્રમ કરે છે તો તેણે કેવો ખોરાક લેવો જોઈએ ?<br>8. તમારો મિત્ર વ્યક્તિગત સ્વરછતા રાખતો નથી, તે માટે તમે તેને શું સૂચન આપશો?<br>9. ડબ્બા A માં વેફર, ચોકલેટ, બર્ગર છે ડબ્બા Bમાં ફળ, દૂધ, સલાડ છે, તમે શરીરના સારા સ્વાસ્થય માટે કયો ડબ્બો પસંદ કરશો? શા માટે ? | દરેકના 3 ગુણ | |